# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ:- **01** | તા:- **09-04-2021**

## વડોદરા ભાજપા શહેર પ્રમુખ દ્વારા વડોદરામાં કોરોનાના દર્દીઓ માટે ફ્રી ટિફિન સેવા તેમજ ફ્રી મેડિકલ સેવા શરૂ કરવામાં આવી.

## ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલના માર્ગદર્શન હેઠળ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનો પ્રારંભ કરવામાં આવેલ છે.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે વડોદરા શહેર અને જિલ્લામાં તાજેતરમાં પ્રવર્તતી કોરોના મહામારી અન્વયે પ્રદેશ ભાજપના અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલ ના માર્ગદર્શન હેઠળ **70** વર્ષથી વધુ ઉંમર ધરાવતી વ્યક્તિઓ, બીપીએલ કાર્ડ ધારક વ્યક્તિઓ, અને એસ.સી/ એસ.ટી જ્ઞાતિ વર્ગના પ્રજાજનો ને ફ્રી સિટી સ્કેનની સુવિધા તેમજ મહામારી સંદર્ભે કોવિડ હોસ્પિટલ માં દાખલ થયેલ દર્દીઓને બિલોમાં પડતી અગવડતાઓના નિવારણ અર્થે હેલ્પ ડેસ્ક અને હોમ કોરેન્ટાઈન થયેલ દર્દીઓના પરિવારજનોને ફ્રી ટિફિન સુવિધાઓ જેવી વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

રાજ્યની ભાજપા સરકાર અને વિવિધ વિવિધ શહેરોનું ભાજપા સંગઠન આ મહામારી અન્વયે સતત ચિંતિત છે ત્યારે ભાજપાનો દરેક કાર્યકર મહામારીથી સંક્રમિત દર્દીઓ, તેમના પરિવારજનો તેમજ શહેરના નાગરિકોની સુખાકારી માટે વિવિધ પગલાં ભરી રહી છે.

ભાજપા સંગઠનના આ સેવાભાવી પગલાઓને ધ્યાને લઇ રાજ્યના તમામ નાગરિકો ભાજપાની આ સેવાકીય પ્રવૃત્તિ ને આવકારી રહ્યા છે.

ડૉ. યજ્ઞેશ દવે

પ્રદેશ મીડિયા કન્વીનર